GJDW060001292022

Presented on : 04-02-2022
Registered on : 04-02-2022
Decided on : 02-06-2026
Duration : 4 years, 3 months, 26 days

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**
**AT BHANVAD,DEVBHOOMI DWARKA**
**(Presided Over by MR. PRAKHAR GAUTAM)**

**CC/115/2022**

**Exhibit No.**

Complainant(PROSECUTION):
Government of Gujarat
Through Police Station Officer BHANVAD POLICE STATION - DEVBHUMI DWARKA @ KHAMBHALIYA
11185001211205, BHANVAD
BHANVADDEVBHOOMI DWARKA

**VERSUS**

Accused:
RATNABHAI MURUBHAI CHAVDA
Age: 30
Occupation :
RANIVAVNESH TA-BHANVAD

---

શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી. એચ.આર.અંબાસણા
આરોપી તરફે :– વિ.વ.શ્રી. એન.એ.ચૌહાણ

---

**ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ ...**

**-:: ઠ રા વ ::-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ગઈ તા. ૦૯/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં ભાણવડ તાલુકાના ઘુમલી ગામના મેઈન ગેઈટ પાસે આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ લી. ૦૨ કિ. રૂા. ૪૦/- નો મુદામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ -૬૫(એ)(એ) મુજબનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોય અને અનવેષણ પુરુ થતા સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપી વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીની સામે આંક-૦૯ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આરોપીએ આંક-૧૦ ધ્વારા આપેલ નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ. સબબ આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

-: મૌખિક પુરાવો:-

| ક્રમ નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૧૧ | દેવજીભાઈ અમુભાઈ ગુજરાતી | પંચ સાહેદ |
| (૨) | ૧૩ | જીજ્ઞેશભાઈ ઉગાભાઈ પરમાર | પંચ સાહેદ |
| (૩) | ૨૧ | કિશોરભાઈ સરમણભાઈ નંદાણીયા | ફરીયાદી |
| (૪) | ૨૪ | વિરમભાઈ કેશુભાઈ ગુજરાતી | સાહેદ |
| (૫) | ૨૫ | વલ્લભભાઈ ગાંડાભાઈ આરીઠીયા | સાહેદ |
| (૬) | ૨૭ | કિશોરસિંહ ચંદુભા જાડેજા | પોલીસ સાહેદ |
| (૭) | ૨૮ | વેજાણંદભાઈ ધનાભાઈ બેરા | પોલીસ સાહેદ |
| (૮) | ૨૯ | જયદેવસિંહ ભીખુભા જાડેજા | પોલીસ સાહેદ |
| (૯) | ૩૨ | રોશનબેન અલીમામદ નોયડા | ત.ક.અ. |

-:દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૨ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ |
| (૨) | ૨૨ | ફરીયાદ |
| (૩) | ૩૩ | ગુના રજી.રીપોર્ટ |

| | | |
|---|---|---|
| (૪) | ૩૪ | રવાનગી પાવતી |

(૪) ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે ગુનાનાં કામે સંડોવી દેવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

-: મુદ્દાઓ :-

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, ગઈ તા. ૦૯/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં ભાણવડ તાલુકાના ઘુમલી ગામના મેઈન ગેઈટ પાસે આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ લી. ૦૨ કિ. રૂા. ૪૦/- નો મુદામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ -૬૫ એ અ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણય માટેના કારણો અને રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન:-

(૭.૧) આ કામે આંક-૧૧ થી પંચ સાહેદ દેવજીભાઈ અમુભાઈ ગુજરાતીને તથા આંક-૧૩ થી પંચ સાહેદ જીજ્ઞેશભાઈ ઉગાભાઈ પરમારને સોગંદ ઉપર તપાસેલ છે. આ બંને પંચસાહેદો આંક-૧૨ થી મુદ્દામાલ કબ્જે કર્યા નાં પંચનામામાં સાહેદો છે. પરંતુ આ પંચસાહેદોએ તેઓની સરતપાસમાં માત્ર પંચનામા માં તેઓની સહીને જ ઓળખી બતાવેલ છે. તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી આ બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતો ને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે સહી કરાવેલી તે સિવાય પંચનામાં વિશે બીજું કાઈ જાણતા નથી. આમ, ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આંક-૧૨ વાળુ પંચનામુ સદર પં

ઓની જુબાનીથી પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૪ થી સાહેદ વિરમભાઈ કેશુભાઈ ગુજરાતી નાઓને તથા આંક–૨૫ થી સાહેદ વલ્લભભાઈ ગાંડાભાઈ આઢ રીઠીયા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી અને બનાવ બાબતે કાંઈ જાણતા નહીં હોવાની હકીકત જણાવેલ છે. જેથી આ બંને સાહેદોને વિ.એ. પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદની હકીકતો ને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.

(૭.૨) આ કામે ફરીયાદી કિશોરભાઈ સરમણભાઈ નંદાણીયાને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૨૨ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં હોવાનો સાધનીક કાગળ મારી ફરીયાદ સાથે આપેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,જી.જે.૧૦.બી.સી.૨૭૨૭ મો.સા. કોના નામનું હતું તે હાલ મને યાદ નથી. જી.જે.૧૧.એ.સી.૨૨૯૮ મારા નામનું હતું. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બંને મો.સા.ના આધાર પુરાવા ફરીયાદ સાથે રજુ કરેલા નથી.તેમજ ભાણવડ પો.સ્ટે.માં પેટ્રોલીંગમાં જવાની નોંધ કરાવેલી કે કેમ તે હાલ યાદ નથી. ઘુમલી ગામમાં બે ગેઈટ આવેલા છે. એક ગેઈટથી બીજો ગેઈટ આશરે ૫૦૦ મીટરના અંતરે હશે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મોખાણા જવાનો રસ્તો સીંગલ પટ્ટી રસ્તો છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,સામાન્ય રીતે નવેમ્બર મહિનામા શિયાળાની ઋતુ શરુ થઈ જાય છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળા સ્થળે હું કેટલા વાગ્યે પહોચ્યો તેની કોઈ વિગત મારી ફરીયાદમાં જણાવેલી નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, સામાન્ય ક્રમમાં ઝપાઝપી થતી હોય તો ખિસ્સામા જો કોઈ પ્રવાહી ભરેલ કોથળી હોય તો તે ફાટી જાય છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, રસ્તાની બં ને તરફ પથ્થરો આવેલા છે. જેથી હું દોડતો હોય અને પડી જાવ તો માથામા વાગે તેવી શકયતા છે. તેમજ અમો પેટ્રોલીંગ દરમ્યાન પોલીસ ડ્રેસમાં ન હતા અને સાદા ડ્રેસમાં હતા.તેમજ ભરત ચકુની દુકાને ભરત ચકુ હાજર હતા કે કેમ તે હાલ અમોને યાદ નથી.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,અમો બનાવ સ્થળે પહોચ્યા ત્યારે અમો, એ.એસ.આઈ. જે.બી. જાડેજા, કિશોરસિંહ જાડેજા તેમજ આરોપી રત્નાભાઈ મુળુભાઈ ચાવડા હાજર હતા. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ

છે કે,મે મારી ફરીયાદમાં મને કિશોરસિંહે જણાવેલું તેવું લખેલું છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, હું પહોચ્યો પછી આરોપી પાસેથી કોઈ પ્રવાહી પકડાયેલ તેવું બનેલ નથી.તેમજ મારી હાજરીમાં આરોપી પાસેથી કોઈ દારુ પકડાયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું પહોચ્યો ત્યારે કિશોરસિંહે દારુ કાઢી લીધેલ હતો અને બાદ મારામારી થયેલી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પંચોને એ.એસ.આઈ. જે.બી. જાડેજા બોલાવવા ગયેલા. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૩) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૭ થી પોલીસ સાહેદ કિશોરસિંહ ચંદુભા જાડેજા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં પોલીસ સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં હતા એ બાબતનો આધાર અમોએ તપાસ કરનારને આપેલ નથી.તેમજ તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે,અમો પેટ્રલીંગમા હતા તેની નોંધ સ્ટે.ડા.મા કરેલી હતી.તેમજ પો.સ્ટે.મા સ્ટે.ડા.એન્ટ્રીમા પેટ્રલીંગમા જવા બાબતની નોંધ જે.બી.જાડેજાનાઓએ કરાવેલી હતી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,જી.જે.૧૦.બી.સી.૨૭૨૭ નંબરનુ મો.સા. એ.એસ.આઈ.એ.જે.બી. જાડેજાના નામનું છે,અને જી.જે.૧૧.એ.સી.૨૨૯૮ નંબરનુ મો.સા. પો.હેડ.કોન્સ.કિશોરભાઈ સરમણભાઈ નંદાણીયાના નામનું હતું.ઘુમલી ગામમાં જવા માટે બે ગેઈટ આવેલા છે. એક ગેઈટથી બીજો ગેઈટનું અંતર કેટલુ છે તે અમોને યાદ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મેઈન રોડ પર પહોચતા આઠ થી દસ મીનીટ જેટલો સમય લાગે અને બનાવ ૧૮:૧૫ વાગ્યે બનેલો હતો.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,સામાન્ય રીતે શીયાળામા વહેલું અંધારુ થઈ જાય છે,અને નવેમ્બર મહિનામા શિયાળાની ઋતુ શરુ થઈ ગઈ હોય છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલી ગામથી મેઈન રોડ તરફ જતા રસ્તે સાંજના સમયે અંધારુ હોય છે.તેમજ તે રસ્તા પર કોઈ સ્ટ્રીટ લાઈટ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ઘુમલીથી મેઈન રોડ સુધી જવાનો રસ્તો પથ્થરાઉ રસ્તો છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,અમો પેટ્રોલીંગ સમયે પોલીસ ડ્રેસમાં ન હતા પરંતુ સાદા ડ્રેસમાં હતા.ભરત ચકુની દુકાને ભરત ચકુ કે અન્ય કોઈ ઈસમ હાજર ન હતા. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૫) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૮ થી પોલીસ સાહેદ વેજાણંદભાઈ ધનાભાઈ બેરાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં

ફરીયાદીની ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં પોલીસ સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં હતા એ બાબતનો આધાર અમોએ તપાસ કરનારને આપેલ નથી.તેમજ તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે,અમો પેટ્રલીંગમા હતા તેની નોંધ સ્ટે.ડા.મા કરેલી હતી.તેમજ પો.સ્ટે.મા સ્ટે.ડા.એન્ટ્રીમા પેટ્રલીંગમા જવા બાબતની નોંધ જે.બી.જાડેજાનાઓએ કરાવેલી હતી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,જી.જે.૧૦.બી.સી.૨૭૨૭ નંબરનુ મો.સા. એ.એસ.આઈ.એ.જે.બી. જાડેજાના નામનું છે,અને જી.જે.૧૧.એ.સી.૨૨૯૮ નંબરનુ મો.સા. પો.હેડ.કોન્સ.કિશોરભાઈ સરમણભાઈ નંદાણીયાના નામનું હતું.ઘુમલી ગામમાં જવા માટે બે ગેઈટ આવેલા છે. એક ગેઈટથી બીજો ગેઈટનું અંતર કેટલુ છે તે અમોને ખબર નથી.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મોખાણા જવાનો રસ્તો સીંગલ પટ્ટી રસ્તો છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મેઈન રોડ પર પહોચતા આઠ થી દસ મીનીટ જેટલો સમય લાગે અને બનાવ ૧૮:૧૫ વાગ્યે બનેલો હતો.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,સામાન્ય રીતે શીયાળાના સમયમા અંધારુ વહેલું થઈ જાય છે,અને નવેમ્બર મહિ હનામા શિયાળાની ઋતુ શરુ થઈ ગઈ હોય છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલી ગામથી મેઈન રોડ તરફ જતા રસ્તે સાંજના સમયે અંધારુ હોય છે.તેમજ તે રસ્તા પર કોઈ સ્ટ્રીટ લાઈટ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ઘુમલીથી મેઈન રોડ સુધી જવાનો રસ્તો પથ્થરાઉ રસ્તો છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,અમો પેટ્રોલીં ગ સમયે પોલીસ ડ્રેસમાં ન હતા પરંતુ સાદા ડ્રેસમાં હતા.ભરત ચકુની દુકાને ભરત ચકુ કે અન્ય કોઈ ઈસમ હાજર ન હતા. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ઘ્વારા આંક–૨૯ થી પોલીસ સાહેદ જયદેવસિંહ ભીખુભા જાડેજાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં પોલીસ સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,તપાસ કરનાર અધિકારીએ મારૂ નીવેદન લીધેલ નથી.તેમજ પેટ્રોલીંગમાં હતા એ બાબતનો આધાર અમોએ તપાસ કરનારને આપેલ નથી.તેમજ તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે,અમો પેટ્રલીંગમા હતા તેની નોંધ સ્ટે.ડા.મા કરેલી હતી.તેમજ પો.સ્ટે.મા સ્ટે.ડા.એન્ટ્રીમા પેટ્રલીંગમા જવા બાબતની નોંધ અમોએ કરાવેલી હતી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,જી.જે.૧૦.બી.સી.૨૭૨૭ નં બરનુ મો.સા. અમોના નામનું છે,અને જી.જે.૧૧.એ.સી.૨૨૯૮ નંબરનુ મો.સા.

પો.હેડ.કોન્સ.કિશોરભાઈ સરમણભાઈ નંદાણીયાના નામનું હતું.ઘુમલી ગામમાં જવા માટે બે ગેઈટ આવેલા છે. એક ગેઈટથી બીજો ગેઈટનું અંતર કેટલુ છે તે અમોને ખબર નથી.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મોખાણા જવાનો રસ્તો સીંગલ પટ્ટી રસ્તો છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલી ગામમા એક જ દુકાન આવેલી છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,કિશોરસિંહ જાડેજાના કહેવા પ્રમાણે કોઈ બીજો ઈસમ હતો તે અંગે અમોને કાંઈ ખબર નથી.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ભરત ચકુની દુકાન મંદિરના પગથીયાની બાજુમાં આવેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલીથી મેઈન રોડ પર પહોચતા પાંચેક મીનીટ જેટલો સમય લાગે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,સામાન્ય રીતે શીયાળાના સમયમા અંધારુ વહેલું થઈ જાય છે,અને નવેમ્બર મહિનામા શિયાળાની ઋતુ શરુ થઈ ગઈ હોય છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ઘુમલી ગામથી મેઈન રોડ તરફ જતા રસ્તે સાંજના સમયે અંધારુ હોય છે.તેમજ તે રસ્તા પર કોઈ સ્ટ્રીટ લાઈટ હતી કે કેમ તે અમોને યાદ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ઘુમલીથી મેઈન રોડ સુધી જવાનો રસ્તો પથ્થરાઉ રસ્તો છે.જેથી દોડતા હોઈ અને પડી જવઢ ાથી માથામા અને મુંઢ ઈજા થઈ શકે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,અમો તેમજ બીજા સ્ટાફના માણસો પેટ્રોલીંગ સમયે પોલીસ ડ્રેસમાં ન હતા પરંતુ સાદા ડ્રેસમાં હતા.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભરત ચકુની દુકાને ભરત ચકુ કે અન્ય કોઈ ઈસમ હાજર ન હતા. જયારે આ સીવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૭) આખરમાં આ કામે ત.ક.અમલદાર રોશનબેન અલીમામાદ નોયડાને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૩૩ થી ગુના રજી રીપોર્ટ, આંક–૩૪ થી રવાનગી પાવતી રજુ રાખેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તપાસ અમોને સુપ્રત થઈ તે અંગેનો કોઈ સાધનીક પુરાવા રજુ રાખેલ નથી.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,પેટ્રોલીંગમાં જવાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવે છે.તેમજ પેટ્રોલીંગમાં મોટર સાયકલ ગયેલ હોય તો તેનો આધાર તપાસના કામે સામેલ રાખેલ છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,તેઓ તપાસના કામે કહેવાતા બનાવ સ્થળે એકવાર ગયેલ.તેમજ ઘુમલી ગામમા જવા માટે મુખ્ય એક ગેટ છે અને મેન રોડ થી ઘુમલી ગામમા જવા માટે વચ્ચે અડધો કિલોમીટર જેટલુ અં તર છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ભાણવડ થી ઘુમલી ગામ તરફ જઈ

અને મોખાણા જતો રસ્તો સિંગલ પટીનો અને ગોલાઈ વાળો છે. તેમજ રસ્તાની બન્ને બાજુ પથ્થરાળ જમીન છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,ધુમલી ગામની અંદર એક દુકાન આવેલ છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,બનાવવાળી જગ્યા લોકો તથા વાહનોની અવર જવર વાળો જાહેર રસ્તો છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલા છે.વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,તપાસના કામે ભરત ચકુનું નીવેદન લીધેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૮) આ કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખીક પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જેથી આંક-૧૨ વાળા પંચનામાની વિગત રેકર્ડ પર પુરવાર થતી નથી. આંક-૧૧ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દેવજીભાઈ અમુભાઈ ગુજરાતી પોતે સહી રવીરાજ પાસે કરેલ હોવાની હકીકત જણાવે છે જયારે આંક-૧૩ થી તપાસવામાં પંચ સાહેદ સહી હાઈસ્કુલ ચોકમાં કરેલ હોવાની હકીકત જણાવે છે. તેમજ બંને પંચો પંચનામામાં માત્ર પોતાની સહીઓ જ ઓળખી બતાવે છે. તે સિવાયની પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરતા નથી. જયારે ફરીયાદ પક્ષના કેસ અનુસાર ધુમલી ગામમાંથી આશાપુરા માતાજીના મંદિર તરફ જતા રોડને જોડતો નવા બનેલ સી.સી.રોડ ઉપર સિકોતેર માતાજીના મંદિરથી આગળના ભાગે પંચો રૂબરૂ મુદામાલ કબજે કરવામાં આવેલ છે ત્યારે ઉપર ચર્ચા કરી તે અનુસાર બંને પંચ સાહેદો પોતે સહી અલગ અલગ જગ્યાએ કરેલ હોવાની હકીકત જણાવે છે. તેમજ પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સમર્થન કરતા નથી. તેમજ પંચ સાહેદો આરોપી તરફે ની ઉલટ તપાસમાં પોલીસે સહી કરાવેલ તે સિવાય પંચનામા વિશે બીજુ કાંઈ જાણતા નથી તેમ જણાવે છે ત્યારે આરોપી સામેનો જે ફરીયાદ પક્ષનો કેસ છે તે ખુબ જ શંકાસ્પદ જણાય આવે છે. તેમજ સદર કામે ફરીયાદ પક્ષ દવારા આંક-૨૪ થી તપાસવામાં આવેલ સાહેદ વિરમભાઈ કેશુભાઈ ગુજરાતીનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. તેમજ બનાવ બાબતે કાંઈ જાણતા નહી હોવાનું જણાવે છે. તેમજ ફરીયાદ પક્ષ દવારા આંક-૨૫ થી તપાસવામાં આવેલ સાહેદ વલ્લભભાઈ ગાંડાભાઈ આરીઠીયાનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. તેમજ તેઓ પણ બનાવ બાબતે કાંઈ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. સદર કામે ફરીયાદી તથા પોલીસ સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એ ફરીયાદ હકીકતને સમર્થન કારકપુરાવો સરતપાસ દરમ્યાન આપે છે. જયારે તપાસ કરનાર અમલદાર ની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ જણાવે છે કે, તપાસ તેઓને સુપ્રત થયેલી તે અંગેના

કોઈ સાધનીક પુરાવા રજુ રાખેલ નથી. તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તપાસના કામે ભરત ચકુનું નીવેદન લીધેલ નથી. તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરે છે કે બનાવ વાળી જગ્યા વસ્તી વાળી જગ્યા હોયે અને ત્યા લોકો ની અવર જવર રહે છે છતા પણ જે પણ સ્વતત્ર સાહેદોઓ ની જુબાની લેવા મા અવેલી તેઓ એ f અરિયાદ્ નો સમર્થન આપેલ નહિ .

તેમજ આ કામે ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસ ે અમો ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતો કોઈ સાધનીક આધાર મે તપાસ કરનારને આપેલ નથી ત્યારે ફરીયાદી પોતે કાયદાના જાણકાર વ્યકિત હોવા છતા તેઓએ કાયદાને અનુસરવી પડતી પ્રક્રિયાઓને અનુસરેલ નથી. વધુમાં, હાલના કામે રેઈડ દરમ્યાન લીધેલ સેમ્પલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ હોય તો તે અંગેનો કોઈ અહેવાલ કે આધાર પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. તે તમામ સંજોગો અને સદર કામે રજુ થયેલ રેકર્ડ જોતા ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શં કાસ્પદ જણાય છે. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં SATISH MEHRA VS DELHI ADMINIS-TRATION 1996 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી અને વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairly certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a trial only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ તેઓની હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલ દારૂ કબજે કરેલ હોય અને શીલ કરેલ હોવાની હકીકતોનો ઈન્કાર કરે છે. વધુમાં, પંચોની જુબાની ફરિઢ યાદપક્ષના કેસની વિપરીત હોવાથી તેઓની જુબાની કેમ ન માનવી તે અંગે ફરિયાદપક્ષ કોઈ આધાર રજુ કરી શકેલ નથી. બનાવ સમયે પંચોની સ્થળ ઉપર હાજરી પુરવાર થતી નથી. જેથી ફરિયાદપક્ષ મુદ્દા નં . ૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. આ કામનાં આરોપી રત્નાભાઈ મુરૂભાઈ ચાવડા, આ.ઉ.વ. ૩૦,ધંધો–ખેતી,રહે.રાણીવાવ નેશ,તા.ભાણવડ નાઓને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ મુજબનાં સજાને પાત્ર ગુન્હા માંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ સરકારી વકીલશ્રીનો અભિપ્રાય લઈ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રોહી મુદ્દામાલ સીવાય જો મોબાઈલ/વાહન અંગે અગાઉ જો કોઈ વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અંગેનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો ક્રિ.પ્રો. કોડની કલમ–૪૫૨ અન્વયે જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈકરી સદરહુ મુદામાલ અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવમાં આવે છે.

3. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭/એ મુજબ રૂા. ૫,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

આ હુકમ આજ રોજ તારીખ ૨૭ મી, માહે–મે, સને–૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૨ –૦૬ –૨૦૨૬ .

**( પ્રખર ગૌતમ )**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૭૫૧